करणघेलानां नाटकमां गवातां गायनो.

રચનાર
ગલ્લોભાઈ છગનલાલ પંડયા.

પ્રસિદ્ધ કરનાર,
ઠા० દામોદર રતનસી સોમાણી.

મુંબઈ:
સુબોધપ્રકાશ છાપખાનામાં છાપ્યું.

સંવત્ ૧૯૪૫. સને ૧૮૮૯.

આ ચોપડીઓ નિચે લખેલે ઠેકાણેથી મળશે.

સંગિત નાટક સંગ્રહ	० ८ ०
સુબોધ સંગ્રહ	० १२ ०
મૃચ્છકટીક નાટકસાર.	० ८ ०
ગોપીચંદ નાટક.	० ८ ०
કામસેન રસિકા નાટક.	० ८ ०
સીતાહરણ નાટક....	० ८ ०
શીરીન ફરહાદનો ઓપેરા.	० ४ ०
ઈબરતે અફજા યાને ફરેબે સૈતાન.	० ३
નારાયણરાવ પેશવાનો ગાયનરૂપી ખેલ.	० ३ ०
સદેવંત સાવલીંગાનો ઉર્દુ ઓપેરા.	० २ ०
કામસેન રસિકા નાટકનાં ગાયનો...	० १ ०
વીરસિંહ ચંદ્રિકાનાં ગાયનો.	० १ ०
ઓખાહરણનો ગાયનરૂપી ઓપેરા.	० १ ०
રૂકમણીહરણનો ઓપેરા.	० १ ०
મદાલસાનો ઓપેરા.	० १ ०
કરણઘેલા નાટકનાં ગાયનો.	० १ ०

કછમાંડવી—નાથોરી ચાંપશી ખેમરાજ, વોરાબજાર.

રાજકોટ—ઠા૦ બેચર મેઘજી બુકસેલર.

"...ધ સંગ્રહ"—કિં. ૨ાાા પોસ્ટેજ ०)- ...

ચંપાવાડી ના૦ ૨૯ માંથી ...

...ને સામઠી

કર.ુ.લેલાના ખેલમાં ગવાતાં ગાયનો.

બધાં પાત્રો સંગાથે ઈશ્વર પ્રાર્થના કરેછે.

જીલ્લા ઝીંઝોટી.

કરીમ રહીમ તું કર કરૂણા—(એ રાગ.)

પતીત તણો પ્રભુ પાલક તું,
પાપ અમાપતણા પરીતાપે દુઃખવન્હિમાં બળીએ;
રે શ્રીહરી! કામાદિ ક્રોધ ટાળક તું, પતીતતણો—ટેક.
મોહ, સ્વાર્થ, પાપ, તમ, પ્રેર બુદ્ધિ જાય જયમ,
થાય જ્ઞાન આભાસ, ઇન્દ્રિયોનો ત્રાસ, ટળી થાય વિનાસ.
શરણાંગત પ્રતિપાળકનું બિરદ અમે તો ધરીયે, રે શ્રીહરી.

ભુતડાં સ્મશાનમાં ગાયછે.

ધનાશ્રી.

કૃષ્ણ કરો જજમાન—(એ રાગ.)

પાપ ન છુટે જાણ, સજાવિણ પાપ ન છુટે જાણ—ટેક.
"કરણી જેવી તેવી ભરણી," શાસ્ત્રનું એહ પ્રમાણ; સજા.
લક્ષ ચોરાશી કેરો ફેરો, જાણે ન જીવ અજાણ; સજા.
કરમ પુરવનાં જીવને ઘેરી, કરે તાણાતાણ; સજા.
પોતાનું મુળ પિછાણે જે જન, એજ ચતુર સુજાણ; સજા.

नगरनी स्त्रियो देवीने मंदीर जतां गायछे.

લાવણી.

સુણો સજ્જન ગણો સત—(એ રાગ.)

ધરો ચરણ ધરણ પર બે'ની તમે જઇને માતાની ભણી,
સુખકરણ દુઃખહરણ દેવી તે, ઉજ્જવળ વરણુંજ ઘણી;—ટેક.
અંબીકા ભવ પાપ, તાપ હારિણી,
મહિષાસુર મારી, સુર સુખકારિણી;
રિઝે તો સુખ, લક્ષ્મિ-શાન્તિદાયિણી,
નિજ ભક્તોને ભવસિંધુ પારતારિણી; ધરો ચરણ.

देवीना मंडपमां रूपसुंदरी बीजी स्त्रियो साथ गायछे.

ગરબો.

અંજની સુત હનુમાન મેરી—(એ રાગ.)

જગતની માતા, દે સુખ શાંતા, તુજ ચરણમાં પડિયેરે,—ટેક.
નારદ, શારદ, ગુણ ગણે છે, શેષ, મહેષ સૌ લડિયેરે, જગત.
કૃપારૂપી માળી વૃષ્ટિ કરો નિત, હાર તારે આવી અડિયેરે, જગત.

रूपसुंदरी माधवने जगाडतां गायछे.

બિભાસ.

વંદુ દિન પતી ઉદિત ઉદાર—(એ રાગ.)

ઉઠો પ્રિય પતિ થયું છે સવાર, થયું છે સવાર, પતિ થયું છે સવાર—ટેક.
પવન સુવાસિત પુષ્પ કરે છે, મંદ અતિ સુખકાર, ઉઠો.

કમલ સરોવર વિશે વિકાસ્યાં, ભ્રમર છુટયા આવાર, ઉઠો.
સુક, સારિકા, મયુર, કોકીલા, કરે મધુર ઉચ્ચાર, ઉઠો.
સૂર્યનાં કિરણોએ દોડી વિદાર્યું, ભુંડું જે અંધકાર, ઉઠો.
રવિને રીઝવવા ધરાએ પેરી, સાડી સોનેરી સાર, ઉઠો.

माधवने परगाम जतो अटकाववा रुपसुंदरी करगरेछे.

ઠુમરી.

જટામેં શીસે શારીમેં જાપે—(એ રાગ.)

રૂપસુંદરી—પ્રિય પતી! છોડી જશો નહી મુંને, મન ગભરાય આજે.
માધવ—વ્હાલિ! ભિરૂ થવું ઘટે નહી તુંને, નાગરિ જ્ઞાત લાજે.
રૂપ—ખરૂં પણ કાલ જજ્ન નહી રોકું, ડાબી મુજ આંખ ફરકે.
માધવ—ધીરી પડ ધીર ધરી એ અધિરી, વૃથા ડરથી તું થરકે.
રૂપ—સાથે લયોજી, નાથ જોડી હાથ યાચું, જેથી દુઃખ થાય દૂર.
માધવ—આવીશ દિન સાત મહીં કહું સાચું, કેશવ ઘર રાખું સ્નુર.

रुपसुंदरी धणीना वियोगथी थयेली हालत वरणवेछे.

ગઝલ.

ગમે દુરીશે જી જલતા હે—(એ રાગ.)

પતિવિયોગે મન મારૂં, બાવરૂં થાયે, બાવરૂં થાયે,
અતિ ગભરાઇ મુઝાયે, પતી વિયોગે—ટેક.
શશી વીણુ ચકોર ચિત્તમાં, ચટપટ ઝાઝી થાય,
ચાતક સ્વાતિ બિંદુની, વાટ જોઇ અકળાય,
વાટ જોઈ અકળાય, ઘડી યુગ જેવી જણાયે, પતિ.

મૃગલી છુટી જુથથી, વચ્છ ગાય વિણુ જેમ,
પક્ષિ દાવાનલ વિશે, તરૂણી પતિ વિણુ તેમ;
તરૂણી પતિ વિણુ તેમ, આંસુથી ચીર ભીંજાએ; પતિ.
સર્વેશ્વર સંયોગથી, પતિવિરહને કાપ,
કદી વિયોગ પડે નહીં, એ વર માગું આપ;
એ વર માગું આપ, જેથી તન તાપ બુઝાએ; પતિ.

रुपसुंदरी करणना मेहेलमां तेना त्रासथी विलाप करेछे.

કલ્યાણ.

કીસ કદર મૈં જો કરૂં યાર—(એ રાગ.)

ધીરજ ધરાય નહી, સુખ શાન્તિ થાય નહીં,
કરૂં શું ને જાઊં કહીં, વિશ્વ ખાવા ધાય છે;
પુરવનાં ફુટયાં પાપ, અમાપ તે આપે તાપ,
આ ભવનો શ્રાપ, પતિવિરહનો જણાય છે;
સુખ દુખ રૂપ થયું, તન તેજ ઉડી ગયું.
હાડનું પિંજર રહ્યું, છાતી અમુઝાય છે.

रुपसुंदरी तेनी दुखदायक हालत जणावेछे.

ઝીંઝોટી.

દરદ ગમ જાને મન ઓ શીરી—(એ રાગ.)

જીવું જેનાથી વિશ્વમાં હું, તે ધણી વિણુ શું ગમે ?
પાણીનું જંતુ મીન તે, દુધમાં શી રીતે રમે ?

પ્રીતિનો રંગ પક્વ જે, માટે ન ધુવો જો તમે.
ચકોરને હજારો સૂર્ય, કહો શશી વિના ગમે ?

नगरजनोए गुणसुंदरी तरफ देखाडेली दया.

બીહાગ.

ગુણસુંદરી સુંદર નાર, સતિ થઈ તજી સંસાર,
તન તાપને બાળી, પતિ સાથરે ચાલી. ગુણસુંદરી—ટેક.
ક્ષણભંગુર કાયા સાર, મોહ મમતા ભરી અપાર,
કરી તેનો તીરસ્કાર, નિજ ધર્મ કર્યો સ્વિકાર. ગુણસુંદરી
ભવસાગર કરશે પાર, કરી સફલ મનુષ અવતાર,
ફલ સ્વર્ગનું સુખકાર, જો અચળ પતિ પર પ્યાર. ગુણસું.
ઘટે આપણને આ વાર, જવું સરસ્વતી કિનાર,
આશિષ સતી દુખહાર, શિર કરવી અંગીકાર, ગુણસુંદરી.

माधव जंगलमां शोक करेछे.

ભેરવી.

કહાં ગયો શેહેજાદા જાની—(એ રાગ.)

હવે દશા શી વિશ્વમાં મારી, ખોઈ નારી એ ઘા દીલ કારીરે. હવે.ટે.
જતાં પ્રવાસે જાણ્યું ન આવી, થશે સંસારની ખ્વારીરે. હવે.
આતે તજ્યો દેહ સુટેક માટે, ધર્મ બજાવ્યો ધીર ધારીરે. હવે.
સ્વર્ગે ગઇ નારી તેની સતી થઇ, જન્મ સફળ જયકારીરે. હવે.
ઘર ઘડીમાં વન થયું મુજ, એ તન દુખ છે ભારીરે. હવે.
વન વન ભમતો ફરૂં ફરણને, વેર રાખું દીલ જારીરે. હવે.

जात्रालुओ भजन करेछे.

घोळ.

આ તન રંગ પતંગ સરીખો—(એ રાગ.)

એક હરીનું નામજ સાચું, અન્ય સકળ છે કાચુંજી,
ધન તનમાં જન ફોગટ નાચે, ભજ હરનીશ પ્રભુ યાચુંજી.
માયા, મમતા, મોહ ને આશા—પાશ થકી બંધાયોજી,
ફરતી આશા મરતાં ન મટશે, શ્વાન પેરે અથડાયોજી;
કોડી કોડી જોડી કીધા કરોડો, દોડી અહિં તહિં પ્રીતેજી,
પાઇ ન પુન્યમહીં ખરચાઈ, મરણ થયું નહીં ચિત્તેજી;
દ્રવ્ય પદારથ ઇશ્વર માન્યો, પરમારથ નહીં જાણ્યોજી,
જપ, તપ વિના અંતે મુઝાયો, કર્મબંધે જકડાયોજી.

माधव देवीनी स्तुती करेछे.

ચતરંગ કલ્યાણની.

આ ચતરંગ રસ શણગાવરી—(એ રાગ.)

સુરંગ અંગી તું બહુચરી, ગાયે છે મૂનીયો,
રૂપ છે અનુપ, તારો—આ-સ-રો, સુરંગ—ટેક.
સુંદર ઝર ચીર કોર મઝાની, ત્રિકાળ ધૂત ધુમ,
માનની ગાન તનનનન, માનની ગાન તનનનન;
સાદરથી ગુણીજન માની, માની નીમ, વાણી દીન,
કેતું ધનનનનન; સુરંગ અંગી.

देवी माधवने उत्तर आपेछे.

મરાઠી ચાલની સાખી.

રે માધવ ! શુણુ સાવધ થઈને શોકસિંધુ તરાવું,
ધિરજ ધર, પરહર નિરાશા, વેર મારગ દરશાવું;
જો હાલી છે યવન રાજા, તેને દુ:ખ જણાવું,
તો સરવે તુજ કારજ સરશે, લખ્યું વિધાયે આવું.

जात्रालुओ रातवासो करया पछी भजन ललकारेछे.

કંસાર લાજી મેથીની ભાજી, ખાધી ઝાઝી,—(એ રાગ.)

ઘાટે ઘાટે, જઈશું વાટે, જાત્રા માટે, બહુ થાટે,
ચાલો ચાલો ઝટ ઝટ ઝટ;
ગંગ પાને ઘટ ઘટ ઘટ, પાપ ફાટે ફટ ફટ ફટ.
સંસારની કટ કટ કટ, મટે ધ્યાને ચટ ચટ ચટ—ઘાટેઘાટે. ૧

रूपसुंदरी आत्मघातकरवाअगाऊ ईश्वरोपासना करेछे.

રાગ—સીતાના મહીનાનો.

દુખહરતાં દયાળુ દેવ, દુખેથી દબાઈ છું,
નિરાધાર પરાધીન કાય, જાળે વિંટળાઇ છું;
દશે દિશા ધસે સમશાન, સગી ખાવા મને,
રાત્રિ દીવસ, દિવસ રાત્ર, ચિન્તા લાગી તને;
વિજયી નરનાથને હાથ, પડી હું અનાથ જો,
જગકાર ચડો મુજ વા'ર ઘણી હું લાચાર જો;

વિખુટી છુટી વ્હાલાંની પ્રીત, લુટી નસીબે ખરી,
પતિ વિદેહ અતિ ગતિભંગ, વિનંતી કરૂં હરી.

एक रजपुत ठाकोरआगळ कंचनी गायछे.

પિલુનો ઠુમરી.

ધન ધનરે સતીનાર,--(એ રાગ.)

દિન દિન રે પ્રજા પ્યાર, પામો ઝાઝો હો, દિન દિનરે.—ટેક.
રાજનીતિથી નીત વધારો, નવનિત શોભા અપાર. દિન.
ચાર પદારથ સાધો તજીને, અનર્થ વ્યર્થ કુવિકાર. દિન.
સાગરનું ધન ભંડારમાં હો, ન્યાય પ્રવાહ વિસ્તાર. દિન.
ગુણીજનોને પોષણ રૂપે, થાઓ સકલ જયકાર. દિન.

हरपालने जोवाथी एक रजपुतनी छोकरी मोहमां पडेछे.

ભેરવીની ગઝલ.

ખ્વાબમેં દેખાહે હમને આજ—(એ રાગ.)

મુખ નિરખીને તે નરનું, વ્યાકુળી તનમાં થઇ,
સ્થિરતા, ધીરતા ભુલી હું, મૂઢ શુન્ય બની ગઇ;
જ્યાથી મારી ચિત્તવૃત્તિ, રે ભ્રમિત બની ગઇ,
કંપું કેમ, કળે ન મુજને, જે હતી તે હું નહીં;
પ્રેમની જ્વાળાથી લાગ્યું, શું કરૂં સુઝતું ન કંઇ,
એકઠી જો થાય આંખો, એજ આશા ઉર મહીં.

करणनुं लश्कर संग्रामनी तैयारी करतां गायछे.

बीहाग.

વિધાતા ઓ વીરા જતો રાજ—(એ રાગ.)

રણાંગણ વિષે રજપુત પુત આવો.
ધરૂણ યુદ્ધને માટે, શસ્ત્રો ઝળકાવો. રણાંગણ—ટેક.
રક્ષવા બ્રાહ્મણ ગાય. કોદંડ કોડેથી સાંધ્ય,
ધર્મ ક્ષાત્રનો ગણાય, ધજા ફરકાવો. રણાંગણ.
તોપ, બંદુક ને તીર, ભાલા, બરછી, ઝંઝીર,
સાંગ, ફરસી, કટાર, અસી લટકાવો. રણાંગણ.
મરવું મારવું સાર. આ પાર કે પેલે પાર,
જીતે જયજયકાર, નોબત ગગડાવો. રણાંગણ.

अल्लाउदीननुं लश्कर कुच करतां गायछे.

રાહ—અંગ્રેજી.

હમ ટુકડે ટુકડે કરકે દુશ્મનકો રગડેંગે આન,
હમ પ્યાસે લોગ કાફ્રેકું; માર કરે ઘમસાન. હમ.—ટેક.
હમ ડરતે નહી ઓર કરતે, જખમ ખંજરસેં મેદાન,
હમ જંગ મચાવે દંગ, ઉડાવે ગભરાવે કુફ્રાન. હમ.

करणनुं लश्कर लडाईपर कुच करतां गाय छे.

ગઝલ.

પડા કીસ લિયે લાહોલ કિયા હમપેં—(એ રાગ.)

ચોંપે ચલાવો ચરણ, ટેક ક્ષત્રીનો ધરી,
થાયે અમર નામ જેથી, વાત એ ખરી. ચોંપે.—ટેક.

મલેચ્છ આવ્યા દેશમાં, લડાઇને વરી,
નસાડો મારી તેમનાં, હથીયારને હરી. ચોંપે.
રજપુત નામ આપણું, ન ઝાંખું થાય જરી,
ધરે ભુમીને રક્ષવી, સંગ્રામમાં મરી. ચોંપે.

अल्लाउदीननुं लश्कर लडाईपर चढतां गाय छे.

રાહ—અંગ્રેજી.

બનતે હમ જરૂર, બનકે ચકચુર, પહેલવાન, પહેલવાન.
શીપાઈ હો બહાદુર, ઓ ફીર ફીર ફીર ફીરતાર. (બેવાર.)
ભાલેહે, ભાલેહે, ભાલે હે શમશીર ! ઓ ફીર ફીર ફીર ફીરતાર.
દુશ્મનો કે દમ, ફોહ કરે જખમ, જાયગે અબ.
જાયગે અબ, સબી મીલકે હમ, ઓ ફીર ફીર ફીર ફીરતાર.

अल्लाउदीननुं लश्कर विजयी थई शेहेरमां प्रवेश करतां गाय छे.

"ઓસીંગ ઉવીનાઉ રાઈટ ચેરીલી."

માલકકી ફજલસે ફતેહ પાયે, દુશમનકો માર ભગવાયે.
શાહરાએ પાંહોચ્યા ફ્લ્ક, શર કીયા અપની ફોજે ગુજરાત
મુલ્ક, ગુજરાત મુલ્ક, ગુજરાત મુલ્ક, આબાદ ખુશનુમા,
ગુજરાત મુલ્ક હુરે! હુરે!!
ફોજ અપનીકુ હે શ્યાબાશી, દુશમનકી હુઈ સત્યાનાસી,
હરતી હુઇ સારી ખલ્ક, શર કિયા અપની.

चोरो लटनी शोध करतां गायछे.

શુનીએ જનાબ હાલ કહાતો,—(એ રાગ.)

૧ લો ચોર—શોધો સંભાલ રાખીને શીકાર સોબતી,
૨ જો ચોર—નાયક રીઝાશે આપણો, જરૂર તે થકી; શોધો—ટેક.
૩ જો ચોર—સરદાર છે હરામ, લુટ સર્વ ખાય છે,
૧ લો ચોર—તારા ડોળાથી ઝેરીલા, દેખાતું શું નથી ? શોધો.
૪ થો ચોર—ધંધો અમારો ચોરીનો, ચોરો ગણાઇયે,
૨ જો ચોર—વનમાં અમારૂં રાજ્ય, બિક કોઇની તો નથી. શોધો.
૧ લો ચોર—વાતોમાં રાત વહી જશે, છે હાણુ તે થકી,
૨ જો ચોર—સુઝે ન જવું ક્યાં હવે, ચાલો આ બાજુથી. શોધો.

देवलदेवी विरहवेदनामां प्रीति जणावेछे.

ગરબી.

કામણ દીસે છે અલબેલા તારી—(એ રાગ.)

મનગમના, માનીતા મુજને શું કર્યું રે, મુજને શું કર્યુ રે,
મનડું તેં હર્યું રે, મનગમના માનીતા.—ટેક.
તન, મન, ધન, અરપણ કરી બેઠી,
પ્રીતા ચટકાથી ચિતડું રહે ના ઠર્યું રે. મનગમતા.
તલસે નયન તુજ દરશણ માટે,
આ કાલજડું કુદે છે જાયે ના ધર્યું રે. મનગમતા.
પ્રાણજીવન અંતર ગત પ્રિછી,
ધરણી દાસીને મન તો દ્રષ્ટિથી છે વર્યું રે. મનગમતા.

शकळदेव तथा देवलदेवी ईश्वर साक्षी राखी गंधर्वलग्नथी वरेछे.

ગીતિ.

સાક્ષી સહુનો ભર્તા, રાખીને લગ્ન આજ આદરિયે,
સુખ, શાન્તિમાં રાખો, ઇશ્વર અમને, વધૂ ન કરગરિયે.

देवलदेवी पोताना पिता करणना प्रेतनी नजी[illegible] आत्मघात* करवा अगाउ दुःख जणावे छे.

અબ આખરીકો સબ્જ પરીકા સલામ હે--(એ રાગ.)

આ કર્મ કેરી વાત, કોઇથી ન તે કળે,
અગ્નિવિના આ ખોળીઉ, ઉભું અરે બળે. આ કર્મ.—ટેક.
થવાનું ભુંડુ હોય તો, ન સુમતિ મળે,
અભાગી પ્રાણી દેખતાં, કાંટા ભણી વળે. આ કર્મકેરી.
ધરમ, ધયાન, સત્ય, વિષય કીટથી સળે,
હવે શો શોક ? શોકથી ગયું ન તે મળે. આ કર્મકેરી.
પાપનાં કુઝાડો ફળ, દુખનાં ફળે,
કરો ઉપાય કોટી, ચાખવાં ન તે ટળે. આ કર્મકેરી.
અરે ઓ દુખી જીવ, મોતથી વૃથા છળે,
થા તૈયાર પ્રાણ ! પેટ શસ્ત્રને ગળે. આ કર્મકેરી.

---

* ખરી વાત તો એ છે કે, દેવલદેવીને મુસલમાનો દીલ્હી લઈ ગયા છે અને [illegible] તેની મરજીવિરૂદ્ધ ખીજરખાં સાથે પરણાવી છે, પણ જેણે આ નાટકનો ગ્રંથ આમ લખ્યો છે, તેણે ઇતિહાસને બાજુપર મુકી ઉપર જણાવેલી કલ્પના કરી છે. [illegible] કવિતા રચનારને પણ તેમ કરવાની જરૂર પડી છે.